૭૭૭૭૭ ૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

# પાટણના ચોથા એડી. સીની.સીવીલ જજ અને ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાટણ

૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

<u>ફોજદારી કેસ નંબરઃ–</u>**390/૨૦૨૪**

આંકઃ–**5**

**ફરિયાદી:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** ગણપતભાઈ ઓખાભાઈ પટણી.

રહે. ઠાકોરવાસ ગામ, ઓઢવા, તા.જી.પાટણ.

**ગુનો :–** **પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) <u>મુજબ</u>....**

**// ઠ રા વ //**

(૧) આ કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ ઉપર લઈ વંચાણે લીધું. હાલની કેસમાંની ટુંમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧), હેઠળનો ગુંનો આચરેલ હોઈ તે અંગે ફરીયાદએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતાં આરોપીને આ અદાલતે આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ. ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સ નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે અરોપીની **આંક–૩.** મુજબ પ્લી લેતાં આરોપીઓ તેમનો ગુન્હો કબુલ કરી **આંક:– ૪** થી ગુના અંગે લેખિતમાં કબુલાત પુરશીશ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુનો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેની ખાત્રી અને ભરોષો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તર્ફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરશીશ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીને સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો તેમજ સદરહું ચુકાદાના પાના નંબર ૭૨૧ ના પેરા નં.૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુંટુંબ કબીલાવાળા છે અને તેઓ કુંટુંબના એક માત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકિકતોને ધ્યાને લેતાં, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

આ કામના આરોપીને પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧), મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૨૦૦ /-(અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે.આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન-૨ (બે ) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૦૯/૦૩/ ૨૦૨૪
પાટણ.

**(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની)**
ચોથા અધિક ચીફ જયુડીશીયલ
મેજીસ્ટ્રેટ, પાટણ
( UI Code : GJ.01187 )
સ્પેશ્યલ સીટીંગ

CAH